# Government Arts College, Kaparada

# સરકારી વિનયન કોલેજ,કપરાડા

મુ.પો.-કપરાડા નિશાળ ફળિયા,પાણીની ટાંકી પાસે તા.-કપરાડા જી.-વલસાડ,પિનકોડ નં.૩૯૬૦૬૭

સ્થાપનાવર્ષ:૨૦૧૨ઈ-મેઈલ : gackaparada@gmail.com, URL:www.kapradacollege.org

GACK/2024/ ર.વ.૩ / 461 - 469 DATE: 19/06/2024

પ્રતિ,

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,

R&B, ધરમપુર

તાલુકા : ધરમપુર, જિલ્લા : વલસાડ

વિષય : અત્રેની સંસ્થામાં રંગ-રોગાન, સમારકામ કરી આપવા બાબત.

સંદર્ભ : NAAC દ્વારા અત્રેની સંસ્થાનો IIQA Approval.

મહાશય,

આપશ્રીને જણાવતાં અમને આનંદ થાય છે કે અત્રેની સંસ્થાનું NAAC ( National Assessment and Accreditation Council ) દ્વારા ટૂંક સમયમાં મૂલ્યાંકન થનાર છે. તારીખ 06/06/2024 ના રોજ NAAC સંસ્થાએ અમારો IIQA Approve કરેલ છે. Approval Date થી 45 દિવસમાં અમે SSR submit કરીશું. ત્યાર પછી આશરે ૧૫ દિવસની અંદર NAAC ની ટીમ અત્રેની સંસ્થાના offline મૂલ્યાંકન માટે આવશે.

પરંતુ સાહેબશ્રી, કૉલેજ બિલ્ડિંગમાં થોડુંક સમારકામ, રંગ-રોગાન, ધાબા ઉપર Water-proofing (વરસાદનું પાણી બિલ્ડિંગ અંદર આવતું હોય છે તે અટકાવવા), વિદ્યાર્થી પાર્કિંગ બાજુ કૉલેજ ભવનમાં પહેલા માળ ઉપર માત્ર વરસાદમાં પાણી આવી જાય છે તેમજ જેન્ટસ વોશરૂમ, વિદ્યાર્થી વોશરૂમ, જેન્ટસ વોશરૂમની બાજુના રૂમમાં પાણી આવી જાય છે, જે સત્વરે રિપેયર કરી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

મહાશય, અત્રેની સંસ્થા આદિવાસી વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા શરૂ કરેલ મોડેલ કૉલેજ છે. અગાઉ પણ આપશ્રીએ અમારી રજુઆતને ધ્યાને લઈ અનેક કામો જેમકે, વિદ્યાર્થી-સ્ટાફ પાર્કિંગના ટિન છત બેસાડવા, staircase ઉપર આવેલ છતના ક્ષતિગ્રસ્ત ટિન sheets ને Replace કરી, નવા મજબુત ટિન sheets બેસાડવાની કામગીરી, આશરે નવ જેટલા તૂટેલ કાચની બારીઓને યોગ્ય રીતે સમારકામ કરેલ. બીજે માળે ૦૨ દરવાજાઓ જે અત્યંત ક્ષતિગ્રસ્ત થઈ ગયેલ હતા તે પણ બદલાવી આપેલ છે. ઉપરાંત ભોંય

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

For [signature] dt-19/06/24

Deputy Executive Engineer
Dharampur (R&B) Sub Division,
DHARAMPUR.

CamScanner

તળિયે આવેલ સ્ટોર રૂમની પ્લાય ખૂબ જ ખરાબ થઈ ગયેલ હતી તે પણ સમારકામ કરી અમોને કૃતજ્ઞ કરેલ. જે ઉપકાર સંસ્થા ક્યારે ભૂલી શકે તેમ નથી.

સાહેબશ્રી, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે બીજા માળે સ્ટ્રોંગરૂમ બનાવેલ તે આજે પણ તે જ સ્થિતિમાં છે. જ્યારે બાજુમાં આવેલ હોલ જેનો ઉપયોગ અગાઉની ચૂંટણીમાં સ્ટ્રોંગરૂમ તરીકે ઉપયોગ કરેલ હતો તે પણ ખરાબ હાલતમાં છે. બન્ને હોલનું સારી રીતે સમારકામ થાય, રંગ-રોગાન થાય તે અત્યંત જરૂરી છે.

માન્યવર, જો ઉપરોક્ત કામગીરી NAAC PEER Team અત્રેની સંસ્થાની મુલાકાત લે તે પહેલાં થઈ જાય તો અમોને NAAC માં સારો ગ્રેડ મળે તેમ છે. જે માટે સાહેબશ્રી, આપના વિભાગનો મહત્વપૂર્ણ ફાળો રહેશે.

અમારી રજુઆતને ધ્યાને લઈ, સ્વખર્ચે ઉપર જણાવેલ કામગીરી સત્વરે કરી આપશો, તેવી અમારી નમ્ર વિનંતી છે.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

બીડાણ: NAAC IIQA Approval letter ની Copy

નકલ સવિનય રવાના :

(૧) માનનીય અગ્રસચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ, બ્લોક ૫, ૮મો માળ, શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) માનનીય કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક ૧૨, ૨જો માળ, જુનું સચિવાલય, ગાંધીનગર

(૩) માનનીય કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા સેવા સદન, તીથલ રોડ, વલસાડ

(૪) માનનીય પ્રાંત અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, ધરમપુર

(૫) માનનીય કાર્યપાલક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, વલસાડ (મા.x મ.) વિભાગ, જિલ્લા સેવા સદન-૨, વલસાડ

(૬) માનનીય મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, કપરાડા, જિ. વલસાડ

(૭) NAAC ફાઈલ અત્રેની સંસ્થા

(૮) મહેકમ ફાઈલ અત્રેની સંસ્થા